જન્મદિને વધામણી

ભગવાનભાઈ કા ગોહેલ
મો. ૯૯૭૮૪ ૪૨૦૪૪

પંઢરીનાથ શંકરરાવ જગતાપ
કારોબારી સભ્ય, ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ
આજીવન સભ્ય, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ
મો. ૯૮૨૫૦ ૨૯૨૦૪



શૌર્ય જિતેન્દ્રભાઈ પટેલ
મો. ૯૪૨૭૩ ૬૮૫૦૩

એસ. જી. - એસ.વી. સ્કૂલનો વાર્ષિક રમતોત્સવ

એસ.જી. - એસ.વી. ઇંગ્લિશ મીડિયમની પ્રાઇમરી સ્કૂલનો વાર્ષિક રમતોત્સવ શનિવારના રોજ મહાત્મા ગાંધી વિધ્યાલય સેક્ટર-૧૬ના મેદાન ખાતે દબદબાભેર ઉજવાયો હતો.શાળાના ધોરણ - ૧થી૮ના વિધ્યાર્થીઓ માટે યોજાયેલા રમતોત્સવમાં વિવિધ હાઉસની પરેડ, વિવિધ દોડ, ડંબેલ્સ, લેઝીમ, એરોબિક્સ, બોલ ડાન્સ, ફ્લેગ ડાન્સ, રીબીન ડાન્સ, અમ્બ્રેલા ડાન્સ, સૂર્ય નમસ્કાર, યોગા, સાડી ડાન્સ, હર્ડલ્સ, હાઈજમ્પ , ગોળા ફેંક, રિવર્સ ગિયર રેસ , જમ્પિંગ દોડ, હેલ્ધી ટ્રક રેસ, દેડકાદોડ, રિલેરેસ, રસ્સાખેંચ, પિરામિડ વગેરે રમતો આમંત્રિત મહેમાનો સમક્ષ યોજાઈ હતી.વિજેતા ખેલાડીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ સાથે પ્રમાણપત્ર અને મેડલ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

વાર્ષિક રમતોત્સવની શરૂઆત સવારે ૮.૦૦ કલાકે મહાત્મા ગાંધી વિદ્યાલય, સેક્ટર-૧૬ના મેદાનમાં ધોરણ–૧થી૮ના ખેલાડી વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થનાથી થઈ હતી. આ કાર્યક્રમના પ્રારંભે મુખ્ય મહેમાન ગુજરાતની પ્રથમ એથ્લેટિક વિજેતા સોનલ વસોયા, સર્વ વિદ્યાલયના કેમ્પસ ડાયરેક્ટર સોમભાઇ પટેલ , દીનાબેન ડોડિયા, દિપાલીબેન,આચાર્ય મિલી સિંઘ દ્વારા દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રેડ હાઉસ, બ્લ્યુ હાઉસ, ઓરેંજ હાઉસ, ગ્રીન હાઉસ, યલ્લો હાઉસના ધોરણ ૧થી૮ના વિદ્યાર્થીઓ વચ્ચે રમતોની સ્પર્ધા યોજાઈ હતી. આ પ્રસંગે વાલી મંડળની મિટિંગનું પણ આયોજન થયું હતું. વિદ્યાર્થીઓ સાથે સાથે શિક્ષકાએ રસ્સા ખેંચની રમત રમીને કાર્યક્રમમાં અનેરા ઉત્સાહનો સંચાર કર્યો હતો.

શાળાના આ વાર્ષિક રમતોત્સવમાં યલ્લો હાઉસના ખેલાડીઓએ સૌથી વધુ પોઈન્ટ મેળવી પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો. વિજેતા ગ્રુપને શિલ્ડ આપી સન્માનીત કરવામાં આવ્યું હતું.

પૂ. છગનભા વાર્ષિક રમતોત્સવમાં આરજી-એસબી પટેલ શાળા ઝળકી

ગાંધીનગર, તા. ૩૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના આદ્યસ્થાપક પૂ. છગનભાની પુણ્યતિથિ નિમિત્તે કડી મુકામે આયોજિત વાર્ષિક રમતોત્સવમાં શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળાની વિદ્યાર્થીનીઓએ ભાગ લઈ ઉત્કૃષ્ટ ખેલ પ્રદર્શન કર્યું હતું.

સમગ્ર રમતોત્સવમાં ૧૦૪૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. દોડ, કરાટે, કબડ્ડી, સ્કેટિંગ, રાઇફલ શૂટીંગ, લાંબી કૂદ, બેડમિન્ટન, ટેબલ ટેનિસ, ચેસ, કેરમ, વક્તૃત્ત્વ, નિબંધ લેખન જેવી વિવિદ સ્પર્ધાઓ આ ઉપક્રમ અંતર્ગત યોજવામાં આવી હતી. શ્રીમતી આર જી પટેલ કન્યા શાળાની માધ્યમિક વિભાગની ૨૦ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગની ૨૧ એમ કુલ ૪૧ વિદ્યાર્થીનીઓએ આ રમતોત્સવમાં ભાગ લીધો હતો. જેમની સાથે શિક્ષક હંસાબેન, રશ્મિબેન, આર જી પટેલ, હાર્દિકભાઈ, સોનલબેન અને અલ્પેશભાઈ પરમાર જોડાયા હતા. શાળાની વિદ્યાર્થીની જાનકી આર ઝાલાએ વક્તૃત્ત્વ સ્પર્ધામાં પ્રથમ, ધ્વનિ આર પટેલે રાઇફલ શૂટીંગમાં બીજો, વૈદેહી આર પટેલે દોડમાં બીજો, રીતુ વાય પટેલે સ્કેટિંગમાં ત્રીજો, જાહ્નવી બી ચૌધરીએ ટેબલ ટેનિસમાં બીજો અને ટીમ ઇવેન્ટ કબડ્ડીમાં શાળાએ બીજો ક્રમ મેળવ્યો હતો. સ્પર્ધામાં ભાગ લેનાર તથા વિજેતા બનનાર સઘળી વિદ્યાર્થીનીઓને બિરદાવી આચાર્યએ સમગ્ર શાળા પરિવાર વતી અભિનંદન પાઠવ્યા હતા.

પ્રતાપસિંહજી વિદ્યાલય ખાતે સુરક્ષા સેતુનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૩૧

શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે ગાંધીનગર ડીએસપી ઓફિસ દ્વારા સુરક્ષા સેતુનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

પોલીસ અંગેની છાપ, પોલીસ વિશેના ખ્યાલ, પોલીસના વ્યવહાર, પોલીસ વિષેનાં ભ્રામક સત્યોનો ખ્યાલ આપીને પોલીસ એક સલાહકાર, મદદગાર અને રક્ષક છે તેવું વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યું હતું. ડીએસપી ઓફિસના કુંજબિહારીજીએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

કાર્યક્રમનું સફળ સંચાલન વિદ્યાલયના આચાર્ય યુવરાજસિંહ વાઘેલા અને ટ્રસ્ટી શોભનાબા વાઘેલા દ્વારા કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ કાર્યક્રમથી પોતાનાં મનમાં પોલીસ અંગેની છાપ બદલાઈ હોવાનો એકરાર કર્યો હતો.

જીઈબીની સરકારી પ્રાથમિક શાળા દ્વારા કચ્છ-ભૂજનો શૈક્ષણિક પ્રવાસ

ગાંધીનગર, તા. ૩૧

સરકારી પ્રાથમિક શાળા, જીઈબી કૉલોનીમાં અભ્યાસ કરતા ધોરણ-૬થી ૮ના વિદ્યાર્થીઓ માટે કચ્છ-ભૂજ, કંડલા, અંજાર, ધોરડો, માંડવી, માતાનો મઢ, નારાયણ સરોવર, કોટેશ્વર અને કંડલા પૉર્ટના શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

બાળકોને અભ્યાસક્રમમાં આવતા માંડવી બંદર પર વીન્ડફાર્મ, વિજયવિલાસ પેલેસ, શ્યામજી કૃષ્ણ વર્મા સમાધિ, કંડલા પોર્ટમાં વિશાળ સ્ટીમર્સમાં ભરાતા માલસામાનને જોવાનો લાભ મળ્યો હતો. આ ઉપરાંત ભૂજમાં ભૂજોડી ગામ ખાતે સંસદ ભવનની પ્રતિકૃતિ જોવાનો લાભ વિદ્યાર્થીઓને મળ્યો હતો. ભારતમાં પારલેજી બિસ્કીટ-પ્રૉડક્ટ્સનાં દસ યુનિટ પૈકી એક ભૂજ ખાતે કાર્યરત છે, જ્યાં વિદ્યાર્થીઓને કેકજેક અને મોનેકો બંને બિસ્કીટનું પ્રૉડક્શન જોવાનો લાભ મળ્યો હતો. પીઆરઓ રાજ જોષીએ બાળકોને કાર્ટુન ફિલ્મ દર્શાવી હતી અને બિસ્કીટનું વિતરણ પણ કર્યું હતું.

અંજાર ખાતે જેસલ-તોરલ સમાધિ વિદ્યાર્થીઓને બતાવવામાં આવી હતી. ત્રણ દિવસના આ પ્રવાસ દરમિયાન બાળકોએ ખૂબ આનંદ મેળવ્યો હતો થતા પોતાના જ્ઞાન અને માહિતીમાં વધારો પણ કર્યો હતો.

અમદાવાદની બે યુવતિઓએ વિતાવ્યો

વર્ષનો અંતિમ દિવસ એવરેસ્ટ બેઝ કૅમ્પ પર

ગાંધીનગર, તા. ૩૧

અમદાવાદની યુવતિ કુ. શૈલજા પટેલ અને કુ. અમી દેસાઈ ટ્રેકિંગ દ્વારા એવરેસ્ટ બેઝ કેમ્પ (૫૩૬૪ મીટર) પહોંચી વર્ષનો છેલ્લો દિવસ વિતાવ્યો હતો અને ત્યાંથી ઉપર કાલા પથ્થર (૫૬૪૫ મીટર) પહોંચીને નવા વર્ષનો પહેલો દિવસ વિતાવશે.

થ્રીલોફીયા દિલ્હી બેઝ્ડ સંસ્થા છે, જેના દ્વારા એવરેસ્ટ બેઝ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર દેશમાંથી માત્ર ૧૫ યુવક-યુવતીઓ દ્વારા એવરેસ્ટ બેઝ કેમ્પ સુધી ટ્રેકિંગ કરવામાં આવ્યું છે. સમગ્ર ગુજરાતમાંથી અમદાવાદની બે યુવતિઓ - શૈલજા અને અમીની પસંદગી કરવામાં આવી છે.

૨૧ ડિસેમ્બરના રોજ શૈલજા અને અમી હવાઈ માર્ગે દિલ્હી, પછી કાઠમંડુ થીને લુક્લા પહોંચ્યાં હતાં. ૨૪ ડિસેમ્બરથી લુકલાથી એવરેસ્ટ બેઝ કેમ્પ ટ્રેકિંગનો પ્રારંભ થયો હતો અને ૩૧મીએ એવરેસ્ટ બેઝ કેમ્પ સુધી પહોંચીને ટ્રેકિંગ સંપન્ન થયું હતું, જ્યાંથી એવરેસ્ટ શિખર જોઈ શકાય છે. બંને યુવતિઓ કાલા પથ્થરથી પરત ટ્રેકિંગ કરીને લુક્લા પાંચમી જાન્યુઆરીના રોજ પરત ફરશે, આમ કુલ ૧૩ દિવસનું ટ્રેકિંગ બંને દ્વારા સંપન્ન કરવામાં આવશે.

નવા વર્ષનો પ્રથમ દિવસ ૫૬૪૫ મીટર ઊંચે 'કાલા પથ્થર' ખાતે વિતાવશે : કુલ ૧૩ દિવસનું ટ્રેકિંગ પૂર્ણ કરશે

ઉલ્લેખનીય છે કે આ અગાઉ બંને યુવતિઓએ હેમકુંડ સાહેબ (ઉત્તરાખંડ), વૅલી ઑફ ફ્લાવર (ઉત્તરાખંડ), હમતા પાસ (હિમાચલ પ્રદેશ) અને ચંદ્રતાલ (હિમાચલ પ્રદેશ)નું ટ્રેકિંગ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે.

શૈલજા પટેલે સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદમાંથી એમએ (અંગ્રેજી) પૂર્ણ કર્યું છે અને હાલ તેઓ આયુર્વેદિક મેડીસીન કંપની સંભાળે છે. શૈલજા ચિત્રકાર, ફોટોગ્રાફર અને લેખક છે. તેમનાં ફોટોગ્રાફી અને ચિત્રકલાનાં પ્રદર્શન અમદાવાદ ઉપરાંત વિવિધ શહેરોમાં યોજાય છે. એવરેસ્ટ બેઝ કેમ્પ ટ્રેકિંગ દરમિયાન પણ શૈલજા ફોટોગ્રાફી અને ચિત્રકલામાં રત રહ્યાં હતાં, જેનું પ્રદર્શન તેઓ આગામી સમયમાં યોજી રહ્યાં છે.

અમી દેસાઈ પોસ્ટ ડૉક્ટરેટ પ્લેનેટરી ઝીઓલોજીમાં પીએચડી કર્યું છે. હાલ, પીઆરએલ સંસ્થામાં સાયન્ટીસ્ટ તરીકે ફરજરત છે.

ઍમ બી પટેલ કન્યા સ્કૂલમાં સાહિત્ય પર્વ કાર્યક્રમ યોજાયો

નટવર હેડાઉ - ફિલીપ ક્લાર્ક દ્વારા બાળવાર્તાઓ, શૌર્યકથાઓ, બાળગીતો, ઉખાણાં અને બાળગરબાની સુંદર પ્રસ્તુતિ કરાઈ

ગાંધીનગર, તા. ૩૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ કન્યા પ્રાઇમરી સ્કૂલની ધોરણ-૫થી ૮ની ૧૧૦૦ જેટલી વિદ્યાર્થીની બહેનો માટે સાહિત્ય પર્વનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર સાહિત્ય સભાના અધ્યક્ષ નટવર હેડાઉ તથા ફિલીપ ક્લાર્ક દ્વારા બાળવાર્તાઓ, શૌર્યકથાઓ, બાળગીતો, ઉખાણાં, બાળગરબાની પ્રસ્તુતિ કરીને વિદ્યાર્થીનીઓને મનગમતા સાહિત્યની મોજ કરાવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન, સંચાલન શાળાનાં મદદનીશ શિક્ષક ગીતાબેન પટેલ અને ચેતનાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

(૧) ૨૦૧૭માં બીસીસીઆઈના નવા મહાપ્રબંધક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે ?
(એ) અનિલ કુંબલે
(બી) વેંકટેશ પ્રસાદ
(સી) સબા કરીમ
(ડી) મનોજ સિંહ

(૨) ૨૦૧૭માં કયા રાજ્યએ શિખ ગુરુ સાથે જોડાયેલા સ્થળોને ગુરુ સર્કિટ તરીકે વિકસાવવાની જાહેરાત કરી છે ?
(એ) ઉત્તર પ્રદેશ (બી) બિહાર
(સી) કેરલ (ડી) પંજાબ

(૩) તાજેતરમાં અમિરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કેટલા ડોલર કર સુધાર કાનૂનને મંજૂરી આપી છે ?
(એ) ૧.૫ ટ્રિલિયન (બી) ૩.૫ ટ્રિલિયન
(સી) ૫.૫ ટ્રિલિયન (ડી) ૭.૫ ટ્રિલિયન

(૪) તાજેતરમાં નીચે પૈકી કયા દેશમાં આવેલા ટેંબિન તોફાને ભારે તબાહી મચાવી હતી ?
(એ) અમેરિકા (બી) પેરૂ
(સી) ઘાના (ડી) ફિલીપાઈન્સ

(૫) તાજેતરમાં એનસીસીના મહાનિર્દેશક પદે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?
(એ) બી ડી પાઠક (બી) લે.જ. બી એસ સહરાવત
(સી) બી એસ ધનોવા (ડી) નવરૂપસિંહ

(૬) ૨૦૧૭માં વાહન વિધેયક સમિતિએ કઈ પધ્ધતિનો પ્રસ્તાવ આપ્યો છે ?
(એ) એક રાષ્ટ્ર, એક પરમિટ, એક કર
(બી) એક વાહન, એક કર
(સી) એ અને બી બંને
(ડી) ઉપર પૈકી એક પણ નહીં

(૭) કેન્દ્રના કયા મંત્રાલયે 'સમિપ' કાર્યક્રમની શરૂઆત કરી છે ?
(એ) વિદેશ (બી) આરોગ્ય
(સી) શહેરી વિકાસ (ડી) કપડાં

(૮) ૨૦૧૭માં રાષ્ટ્રીય ગણિત દિવસ કઈ તારીખે ઉજવવામાં આવ્યો હતો ?
(એ) ૧૮ ડિસેમ્બર (બી) ૧૯ ડિસેમ્બર
(સી) ૨૨ ડિસેમ્બર (ડી) ૨૦ ડિસેમ્બર

(૯) તાજેતરમાં રમેશ કુંતલ મેઘે કઈ ભાષાનો સાહિત્ય અકાદમીનો પુરસ્કાર જીત્યો છે ?
(એ) ગુજરાતી (બી) હિન્દી
(સી) ઊર્દૂ (ડી) તમિલ

(૧૦) શક્તિ યોજના નીચે પૈકી કોની સાથે સંબંધ ધરાવે છે ?
(એ) રક્ષા ક્ષેત્ર (બી) વિદેશ રોકાણ
(સી) રાહત બચાવ (ડી) કોલ લિંકેજ

સર્જનનો દરિયો દરેક હૃદયમાં ઘૂઘવાય છે

ગાંધીનગર, તા. ૩૧

'દળદાર નવલકથા, દસ-બાર પાનાંની નવલિકા અને બે-ત્રણ પાનાંની લઘુકથા વાંચવાની ધીરજ અને સંયમ બંનેની સાથે સમયની ખેંચ આજની સ્માર્ટફોન જનરેશનમાં છે. અને માઈક્રોફિક્શન વાર્તા ટૂંકમાં ઘણું અસરકારક કહી એક અમિટ છાપ વાચકનાં મન પર છોડે છે. એ જ કારણસર આજના યુવા વર્ગમાં માઈક્રોફિક્શન વાર્તાઓ વાંચવાનો ક્રેઝ વધ્યો છે.'

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ ખાતે આયોજિત વાચન શિબિરના પ્રથમ દિવસે બોલતાં ગાંધીનગર સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સંજય થોરાતે વાચન શિબિરમાં જોડાયેલા વિદ્યાર્થીઓને સંબોધન કરતાં આ શબ્દોનું ઉચ્ચારણ કર્યું હતું. તેમણે પોતાના બે કલાકના અસ્ખલિત વાર્તાલાપ દરમિયાન નવલકથા, નવલિકા, લઘુકથાનાં ઉદાહરણો આપ્યાં હતાં તથા વિદ્યાર્થીઓને રસાળ શૈલીમાં ડૂબાડીને માઈક્રોફિક્શન વાર્તા તરફ લઈ ગયા હતા.

છ શબ્દોની વાર્તાથી લઈને ૨૩ શબ્દોની ટ્વિટર ફિક્શન, ૫૫ શબ્દોની નેનો ફિક્શન, ૧૦૦ શબ્દોની ડ્રેબલ, ૧૦૦થી ૩૦૦ શબ્દોની માઈક્રોફિક્શન વાર્તાની સમજ તેમણે વિદ્યાર્થીઓને આપી હતી અને પોતાની સફળ માઈક્રોફિક્શન વાર્તાઓનું રસાળ શ્રવણ પણ કરાવ્યું હતું. અખંડ આનંદ મૅગેઝિનના દિપોત્સવી અંક-૨૦૧૭માં પ્રકાશિત એમની વાર્તા 'ધાબળો' વિદ્યાર્થીઓને ખૂબ ગમી હતી. કાર્યક્રમના પ્રારંભે સ્વાગત પ્રવચન ડૉ. રણછોડ રથવી દ્વારા અને આભાર દર્શન લાયબ્રેરીયન શ્રદ્ધાબેન પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું.

વાચન શિબિરના બીજા દિવસે લેખન, નાટ્ય અને ઉદ્ઘોષણાના ક્ષેત્રમાં રાજ્ય સરકારના માન્યતાપ્રાપ્ત કલાકાર તથા ગાંધીનગરના જાણીતા નાટ્યકાર, પત્રકાર કુંતલ નિમાવત દ્વારા વિદ્યાર્થીઓને સર્જનાત્મક લેખન અંગે અભિપ્રેરિત કરવામાં આવ્યા હતા. સૌમ્ય જોષી, ડૉ. રઈશ મણિયાર, મનોજ ખંડેરિયા, રમેશ પારેખની જાણીતી કૃતિઓ રજૂ કરીને તેમણે વિદ્યાર્થીઓને એ સમજ આપી હતી કે લખવા માટે કોઈપણ વિષયની પસંદગી કરી શકાય છે અને કોઈપણ વિષય લખવા માટે સુગમ હોય છે.

સર્જનાત્મકતા વિકસાવવા માટે તેમણે લેખનને સરળ અને સહજ બનાવવાની હિમાયત વિદ્યાર્થીઓને કરી હતી. આ માટે વાચન, ચર્ચા, કલ્પના અને વિચારનો સંગાથ મોટાપાયે લેવાની શીખ પણ તેમણે વિદ્યાર્થીઓને આપી હતી. કિશોરવયે પોતે લખવાની શરૂઆત કરી ત્યારે માત્ર જોડકણાં જ લખાતાં હતાં અને હવે કોઈપણ વિષયમાં અસરકારક લખી શકાય છે એ વાત તેમણે પોતાના જ ઉદાહરણથી વિદ્યાર્થીઓને સમજાવી પોતાની શરૂઆતના કાળની અને અત્યારની રચનાઓ સંભળાવી હતી અને વિદ્યાર્થીઓને સંદેશ આપ્યો હતો કે અત્યારે ગાંડુંઘેલું જેવું મનમાં આવે તેવું લખો, પણ લખો. એ કેટલું છે, કેવું છે એની ચિંતા અત્યારે ન કરશો, અત્યારે બસ લખ્યા કરો. લખવા માટે સ્વરૂપની પણ ચિંતા ન કરશો, જે લખાય, જેવું લખાય - બસ લખતા રહો. એમ કરતાં લેખન સરળ, સહજ બની જશે અને એક દિવસ એવો આવશે કે તમે જ તમારા લેખનનું મૂલ્યાંકન સૌથી શ્રેષ્ઠ રીતે કરી શકશો.

'સર્જનનો દરિયો દરેક હૃદયમાં ઘૂઘવાય છે, જરૂર છે એનો અવાજ સાંભળવાની' એવી તેમની શીખ વિદ્યાર્થીઓનાં હૃદયમાં એવી તો ઊતરી ગઈ હતી કે માત્ર એક જ કલાકના સમયગાળામાં વાચન શિબિરમાં બેઠેલા દરેક વિદ્યાર્થીએ કંઈક ને કંઈક સર્જન કરીને સરવાળે સર્જન કર્યું હતું. વક્તવ્યના અંતે વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના સંતોષકારક જવાબો તેમણે પાઠવ્યા હતા અને કેટલાક વિદ્યાર્થીઓ દ્વારા પોતાનાં સાહિત્યિક સર્જનોની રજૂઆત પણ સૌની સમક્ષ કરવામાં આવી હતી.

કૉલેજ પરિવાર દ્વારા એ બાબતની સગર્વ નોંધ લેવામાં આવી હતી કે સામાન્ય વિદ્યાર્થીઓની સાથે અગાઉ ક્યારેય જાહેરમાં નહીં બોલેલા કે કોઈ પ્રવૃત્તિમાં સક્રિય નહીં દેખાયેલા વિદ્યાર્થીઓએ પણ વાચન શિબિર દરમિયાન સાહિત્યનું સર્જન કરીને શિબિરને અપ્રતિમ સફળતાનો અહેસાસ કરાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે કૉલેજ દ્વારા વાચન શિબિરનું આયોજન છેલ્લાં સાત વર્ષથી સતત કરવામાં આવી રહ્યું છે, જેમાં બે સર્જકોની ભેટ પ્રતિવર્ષ વિદ્યાર્થીઓને કરાવવામાં આવે છે. કાર્યક્રમના પ્રારંભે સ્વાગત પ્રવચન લાયબ્રેરીયન શ્રદ્ધાબેન દ્વારા અને અંતે આભાર દર્શન પ્રૉ. ધર્મેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. બંને દિવસે કાર્યક્રમનું સુંદર સંચાલન વિદ્યાર્થીની કોમલ દ્વારા કરવામાં આવ્યું હતું.